**–:ક્રિ.પ.અ.નં.૧૫/૨૦૨૬ ના કામે આંક–૧ લગત હુકમ:–**

અરજી વંચાણે લીધી. સદર કામના સામાવાળાઓને નોટીશ કરવામાં આવેલ જે બજી જતા આજરોજ સામાવાળા નં.૪ આજરોજ નામદાર કોર્ટમાં હાજર રહેલ છે. આ કામે સામાવાળા નં.૪ રેખાબેન સોમેસભાઈ ડીંડોરનાઓનુ સોગંદ ઉપર નિવેદન આંક–૦૮ થી નોંધવામાં આવેલ છે જેમા જણાવેલ વિગતો અનુસાર ''સામાવાળા નં.૧ આશરે દસ વર્ષ અગાઉ થયેલા. ત્યાર બાદ હું મારા પતિ સાથે રહેતી હતી. હું મારા લગ્ન થયા ત્યારથી મારા પતિ સાથે રહુ છુ અને કયારેય પણ મારી પિયરમાં રહેવા જતી ન હતી. મને આ કામના અરજદાર જે મારા ભાઈ થાય છે અને જે અરજી દાખલ કરેલ છે મને ખોટી રીતે ગોંધી રાખવા માટેની અરજી દાખલ કરેલ છે તે તદ્દન ખોટી છે અને હું મારા પતિ સાથે રાજીખુશીથી રહુ છુ અને આજરોજ પણ હું તેઓની સાથે રહુ છુ અને રાજીખુશીથી મારા પતિ સાથે રહેવા માંગુ છુ. મારે આ સીવાય બીજુ કઈ કહેવુ નથી.'' જે નિવેદન ધ્યાને લેતા રેખાબેન સોમસભાઈ સામાવાળાઓના ઘરે લગ્ન કરી કોઈના પણ દાબ દબાણ વગર રહેતા આવેલ હોવાનુ જણાઈ આવે છે. વધુમાં તેઓ પુખ્ત ઉંમરના છે અને લગ્ન કરી સામાવાળા સાથે રહેતા હોય તેઓને ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલ હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમજ સામાવાળા નં.૧ રેખાબેન સોમસેભાઈનાઓને અરજદાર વિનોદભાઈ મડીયાભાઈ કટારા તેઓના ભાઈ થતા હોય અને તેમના ઘરે જવુ ન હોય જણાવતા હાલની સદર અરજીમાં કોઈ તથ્ય જણાતુ નથી. આથી હાલની અરજી ઉપરોકત વિગતે અને કારણે ના–મંજુર કરી ડિસ્પોઝ કરવામાં આવે છે.

તા.૨૬.૦૫.૨૦૨૫.
ઝાલોદ.

(ડો.આઈ.એસ.ભાટી)
એડીશનલ ચીફ જયુડી.મેજી.,
ઝાલોદ.